-વન્દેમાતરમ્-

રાષ્ટ્રીય ગરબાવળિ.

પ્રાણ પ્રાણેરે, પ્રાણ પ્રાણે ભરી સ્વદેશભાવ,
સહુ રાષ્ટ્રગાન ગાવા, ઘડીક આવજો રે લોલ

સંગ્રહકર્તા-

નટવરલાલ વીમાવાળા.

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર.

૧૮૦—કેળાંપીઠ

સુરત.

પ્રકાશક—
નટવરલાલ વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર
કેળાંપીઠ-સુરત.

આવૃત્તિ ત્રીજી ૦-૪-૦ ૧૯૨૩—૭૯

—મુદ્રક
નટવરલાલ વીમાવાળા
ગાંડીવ મુદ્રણાલય
કેળાંપીઠ—સુ

શ્રી ——————————— ને

પરમ પ્રેમ પૂર્વક—

ઉપહાર

——————————— તરફથી

બે બોલ.

ગુજરાતમા રાષ્ટ્રીય ભાવનાનો જે નવો યુગ મડાયો છે, તેની પ્રતિમા રૂપે ઘણાયે રાષ્ટ્રીય કાવ્યો રચાયા છે પરતુ ગુજરાતના કાવ્યશોખનુ વિશિષ્ટ લક્ષણ–જે અન્ય પ્રાતોમા નજરે નથી પડતુ તે ગરબાનો ઉપયોગ તો સ્વરાજનુ કીર્તન કરવામા ઝાઝો નથી થયો છતાયે એ દિશામા પ્રયત્ન નથી થયા એમ નથી ગુજરાતના સ્ત્રીજનોમા રાષ્ટ્રીય ભાવના પ્રેરવા ગરબાનુ સાધન બહુ ઉપયોગી છે, એમા શક નથી અને એ સાધનનો પૂરો લાભ મળે એટલા ખાતર તેમજ રાષ્ટ્રીય કન્યાશાળાઓની એક જરૂરિયાત પૂરાય એ ઈરાદાથી છુટાછવાયા રાષ્ટ્રીય ગરબાઓનો સગ્રહ ગુજરાતને ચરણે ધર્યો છે એમા ત્રુટિઓ તો હશેજ, છતા, આશા છે કે પ્રથમ પ્રયત્ન માની લઇ ગુજરાત તેની યોગ્ય કદર કરશે વિદ્વજ્જનોને આ સગ્રહની ખામીઓ દર્શાવવા ખાસ અરજ છે, જેથી બીજી આવૃત્તિ વખતે તેમની સૂચનાઓનો ઉપયોગ થઇ શકે.

ફાલ્ગુન શુકલપક્ષીય
તૃતિયા ૧૯૭૮

બીજી આવૃતિ.

પ્હેલી આવૃત્તિ જેમણે વાચી હશે–જોઇ હશે, તેઓને આ નવી આવૃત્તિ એ નવા પુસ્તક સમીજ ભાસશે

કારણ પ્હેલી આવૃત્તિ યોજતી વખતે કન્યાશાળાની જરુરિયાતનુ દૃષ્ટિબન્દુ રાખ્યુ હતુ આ નવી આવૃત્તિ નાના મોટા સૌ કોઇ વાચે, ને તેનો ઉપયોગ કરે એ હેતુથી એમા વધારે વિશાળ દૃષ્ટિબિન્દુથી ચૂટણી કરી છે વાચકવર્ગને એ અનુકૂળ થાય છે કે કેમ તે તો આગળ જણાશે

આ પુસ્તકનો ઉપયોગ કરનાર પ્રત્યેક બ્હેનને અમે ભૂલચૂક તથા સુધારા વધારા માટે સૂચનાઓ કરવા ખાસ વિનવિએ છીએ

ફાગણ સુદ છઠ }
૧૯૭૯ }

ત્રીજી વેળા—

ની પ્રસ્તાવનામાં ઝાઝુ લખવાનુ નથી, કારણ કશોજ ફેરફાર કર્યો નથી ઉઠાવની નજરે કાગળ વધારે ઉત્તમ વાપર્યા છે, તે શિવાય તો આ બીજી આવૃત્તિનુજ સસ્કરણ છે

ભાદરવા વદ }
સાતમ ૧૯૭૯ }

નટવર વીમાવાળા.

—સાંકળિયું—

રાષ્ટ્રીય

ગ ગ
ર ર
બા
વ વ
ળિ ળિ

૧. "જય જય ગરવી ગુજરાત"

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત !
દીપે અરુણુ પરભાત !
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુમ્બી પ્રેમ-શૌર્ય અંકિત,
તુ ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત,
ઉંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત !

ઉત્તરમા અંબામાત,
પુરવમા કાળીમાત,
છે દક્ષિણ દિશામા કરન્ત રક્ષા કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારિકેશ એ પશ્ચિમ કેરા દેવ—
છે સહાયમા સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત!

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર—
સંપે સોહે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત,

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દિસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઇ છે રાત—
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત!

—કવિ નર્મદ

૨. ગુણવતી ગુજરાત

ગુણવતી ગુજરાત, અમારી ગુણવતી ગુજરાત,
નમીએ નમીએ માત ! અમારી ગુણવતી ગુજરાત !

મેઘેરા તુજ મણિમંડપમાં ઝૂકી રહ્યા અમ શિશ,
માત મીઠી તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ !
અમારી—

મીઠી મનોહર વાડી આ તારી નંદનવનશી અમોલ,
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલ્લોલ !
અમારી—

સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત !
અમારી !

ઉંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવન માંય,
દેશ વિદેશ અહોનિશ અંતર એકજ તારી છાંય,
—અમારી

રસસરિતા રસભર અમીઝરણા રત્નાકર ભરપૂર,
પુણ્યભૂમિ ફળફુલ ઝઝૂમી, માત ! રમે અમ ઉર !
અમારી—

હિંદુ, મુસલમીન, પારસી સર્વે માત ! અમે તુજ બાળ,
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ !
અમારી—

ઉર પ્રભાત સમા અજવાળી, ટાળી દો અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો, કરીએ જયજયકાર !
અમારી—

નમીએ નમીએ માત, અમારી ગુણવંતી ગુજરાત !
અમારી—

—શ્રી અરદેશર ખબરદાર.

૩. ગુર્જરી કોણ કહે કંગાલ ?

ગુર્જરી કોણ કહે કંગાલ ?
માત તુજ મીઠી દિલદરિયાવ !

મીઠી મનોહર વાણી તારી, ઉર ઉરમા ગુંજાય
રણકારો રૂપેરી ઘંટડી શો મા તારો થાય !
માત મુજ મીઠી દિલદરિયાવ—ગુર્જરી

અમારા ભાગ્ય હીણા છે આજ,
અપરમા કરતી ઘરમા રાજ,
વિના અપરાધ તજાવી માત,
બાળકો કોટી દેતા શાપ

અવનિ પર શુ અમ સરખા છે કો નિરભાગી લોક ?
માત સગી સમ પારકી શુ કદિ પૂરશે ઉરના કોડ ?
હાય ! ઉરમા કૈં કૈં થઇ જાય
હૃદયસર મારૂ આ ડહોળાય—ગુર્જરી

લવે જન પામર વગર વિચાર
કહે, છો 'શુ શા પૈસા ચાર' !
અમોને તેની શુ દરકાર ?
અમારે મન તુ હૈયાહાર

ઓછી અધૂરી જેવી તેવી, પણ મા તે તો માજ
કોણ તજે નગુણા વિણ જગમા રંક છતા નિજ માત ?
માત મુજ મીઠી દિલદરિયાવ
ગુર્જરી કોણ કહે કંગાલ ?

—શ્રી કલ્યાણજી મહેતા

૪. ગુર્જરી સ્તવન

શીળી રાતમાં રે લોલ, રમીએ સહિયર સૌ સાથમાંરે લોલ
રમત વાટમા રે લોલ, ફરીએ સહિયર નીતિ સાથમારે લોલ
શીળી રાતમા રે લોલ, રમીએ સહિયર સૌ સાથમારે લોલ

હર્ષે આજી આંખડી રેલી મીઠા સૂર,
નૌતમ સ્નેહે ઉજવીએ ઉત્તમ ગુર્જરી નૂર

સખી ! વિશ્વની શી વાડી હિન્દ માવડી રે લોલ !
ભલી હિન્દની રસિક ભૂમિ ગુર્જરી રે લોલ !
રૂડી ગુર્જરીમા પ્રૌઢ શોભા પાથરી રે લોલ !
સખી ! ગુર્જરી વિલાસવાડી આપણી રે લોલ !

શીળી રાતમા રે —

હૃદય તણા પણ હૃદયથી નમીએ સૌ જગરાય,
જન્મ લીધો આ ભૂમિમા કુદરત જ્યા છલકાય

તીણુ ગાતી મીઠી નદીઓ ત્યા શી રમે રે લોલ !
પૂરા ખીલી ઝુલી ખેતરો ધીરા હસે રે લોલ !
વિવિધ રમ્ય નવલ વૃક્ષ ફળ ફૂલ છે રે લોલ !
સખી ! મધુરકંઠી પખીડા પણ શા વસે રે લોલ !

મનહર મોહક ભૂમિ આ, આપણ એનાં બાળ,
નિર્મળ નેહે શું નહિ, ધરીએ એ પર વ્હાલ ?
સખી ! માટે, હૃદય શું ના બાળીએ રે લોલ !
સખી ! ગુર્જરીનું હિત શું ના બાળીએ રે લોલ !
સખી ! સ્વાર્થ એને કાજ શું ના છાડીએ રે લોલ !
સખી ! સમય આવે પ્રાણને પણ પાડીએ રે લોલ !

શીળી રાતમા રે—

—શ્રી વસંતવિનોદી.

૫. ગુર્જરી ગૌરવ.

સખી ગુણીયલ ગુર્જર માત, નિત્ય નિત્ય નમીએરે.
થઇ આપણુ સહુ રળીઆત, બ્હેનો રમીએરે.
જ્યા નાના મોટા રાષ્ટ્ર, નિત્ય નિત્ય રમીએરે,
ઓખામંડળ સૌરાષ્ટ્ર, બ્હેનો રમીએરે
જ્યા ગિરિવર એ ગિરનાર, નિત્ય નિત્ય નમીએરે,
શેતરૂંજે જય જયકાર, બ્હેનો રમીએરે

જોઈ દ્વારિકા પાટણપૂર, નિત્ય નિત્ય નમીએરે,
વળી રૂદ્રમાળ સિદ્ધપુર, બ્હેનો રમીએરે
રૂડું રાજનગરનુ શહેર, નિત્ય નિત્ય નમીએરે,
જ્યા ગાંધીજીની મહેર, બ્હેનો રમીએરે
ખેડુત છે બહાદુર લોક, નિત્ય નિત્ય નમીએરે,
એ ચરોતરને ચોક બ્હેનો રમીએરે
સુરતના ગુણીજન યાદ, નિત્ય નિત્ય નમીએરે,
સાક્ષરભૂમિ નડીઆદ, બ્હેનો રમીએરે
રૂડી પાવાગઢની સહેલ, નિત્ય નિત્ય નમીએરે,
જ્યા મહાકાળીના મહેલ, બ્હેનો રમીએરે
નદી સાબરમતીને તીર, નિત્ય નિત્ય નમીએરે
ત્યા દેશ ગજવતો વીર, બ્હેનો રમીએરે
ગાંધીજીનો એ બોલ, નિત્ય નિત્ય નમીએરે,
ખાદી પહેરો દઈ કોલ, બ્હેનો રમીએરે

૬. ધન્ય મારી ભારતભૂમિ રે.

અવનિમાહી બહુ ઓપતી ને કાંઈ સત-સુભટ કેરી માતરે,
—ધન્ય મારી ભારતભૂમિરે
વિદ્યા-કલાની રૂડી વાટિકાને તારા ગર્ભે રતન-મણિ જાતરે- ધન્ય
ચરણે મહા નીર ઘૂઘવે ને શિરઉત્તર હિમાલય પ્હાડરે—'
માથે મુકુટ માથે ધર્યો છે કાશ્મીર મહા મૂલ્યવાનરે—'
હૈયે હીરાના હારલારે વહે સિંધુ ગંગાના નીરરે—'
ઉરે ભર્યા શૂર દૂધડા તે ધાવે શીખ રજપુત રણધીરરે—'
કેડે કટિબંધ મેખલારે વિંધ્ય-આબુગિરિ તણી હારરે—'
જમણે ફરૂકે મારી માવડીરે તારે પાલવડો કચ્છ ગુજરાત—'
ડાબી ભૂજાએ ભેરી ભૂંગળો ને ડંકો સુદેશ બંગાળરે—'
ભારતભૂમિરે મારી ભારતભૂમિરે તારી રિદ્ધિસિદ્ધિનો નહિ પારરે-'
વરસો વરસ તારા આંગણેરે થાય અન્નતણા અંબારરે—'
જુવાર-ઘઉં ને બાજરી ને વળી ચોખા કઠોળ નહિ પારરે—'
લાખો ખેતરમાં નીપજેરે માતા મોંઘા મૂલના કપાસરે—'
આંબા ગુલાબની વાડીઓ ને વળી અમૂલખ ઝૂલતા ઝાડરે—'
રિદ્ધિ ને સિદ્ધિ તારી એની ઘણીરે જેનો ગણતા ન આવે પારરે—'
સારા જગતની સંપત્તિરે આગળીએ એકડી જણાયરે—'

ભારત ભૂમિરે મારી ભારત ભૂમિરે તારા પુણ્ય તણો નહિ પારરે—ધન્ય
તેતરીશ કોટિ અતિ બલીરે તારા ખોળામા ખેલતા બાળરે—
આર્ય–મુસલમીન–પારસી તે મારી માડીના જાયા વીરરે—'
સંપે મળીને એક સાથે અહો સેવા કરે મહા ધીરરે—'
સ્વામી દયાનંદ, ગુરૂ ગોવિંદ, રામમોહન, વિવેકાનંદરે—'
ધર્મના સુધારમા અર્પી ગયારે નિજ કાયા તે આનંદકંદરે—'
દેવ સમા દીકરા દાદા થયા ને વળી કર્મવીર ગોખલે મહાનરે—'
વિધ વિધ વિઘ્નો ટાળી ગયા ને તારા વિશ્વે વધાર્યા માનરે—'
આજેય દેશભકત એવા અનેક તારા ચરણે ખડા છે માતરે—'
દક્ષિણમા દીકરો તિલક ગર્જ્યો ને જાણે સ્વરાજ મૂર્તિમંતરે—'
સત્યે શૂરા પૂરા તપસી સમા ગાંધી ગાજે છે હિંદુસ્થાનરે—'
ભૂમિ પંજાબમા રાખી છે નેક ટેક લાલા તે લાજપતરાયરે—'
દેશબંધુ દાસ તો ગાજી રહ્યો છે બંગદેશે મહારથિ સમાનરે—'
મહમદ–શૌકત ઘૂમી રહ્યા છે નિર્ભયતાથી કેસરી સમાનરે—'
નેહરૂ પટેલ ને સરલાદેવી વળી શક્તિ સરોજીની માતરે—'
લાખો કરોડ આવા સાધુ–સપુત તારી સેવા કરે દિનરાતરે—'
સુખ દુખ ઉર કાંઇ લેખે નહિને તારી ભક્તિના દિવ્ય ગીત ગાયરે—'
હિંદુ–મુસલમીન–શિખ ભેટયા ભાઇ ભાઇ થઇ આજરે—'
શસ્ત્ર સુદર્શન રેંટીયો ફરે કાપતો બેડીના બંધરે—'
અહિંસા સ્વદેશી ધર્મ ગણી પાળે મન વચનને કર્મરે—'
અમર તપોરે માત અમર તપોરે તારો પુનિત નામ મહિમાયરે—'
દેજો આશિષ તાત બાળુડા તારાની ફળજો સ્વરાજ શુભ આશરે—'

૭. માડીની ઝુપડી.

દુખીયાનો વિસામો રે, માડી ! તારી ઝુપડી
રણુવગડાનો છાયો રે, આંધળીઆની લાકડી

કુંજ નિકુંજે લચી વલ્લરી, નિર્ઝરીઆ સતાય,
અમલ કમલ દલ પર પખીડા, બ્રહ્મલીલાને ગાય

રઢીઆળી એ વાડી રે, સોહાવતી જે ઝુપડી
આજે ખાવા ધાતીરે, નિર્જન રણુમા ઝુપડી

ધર્મ કર્મ રસ કસ લૂટાયા, ઘરઘર વખરી હીર,
છતી સતતિ સત્ત્વ લૂટાયુ, ખેચાયા તુજ ચીર,

લૂટાતી એ માડી રે, ખાલી તારી ઝુપડી.
ખાલી તોયે મારી રે, માડી તારી ઝુપડી–દુખીયા

ધન સચી ખેતર સૂકવીયા, દવ પ્રેર્યો ચોપાસ
રાતી વિભુની આંખડી દેખી પખીડા પામે ત્રાસ

તેને સોડે સ્હાતી રે, માડી તારી ઝુપડી,
પોપણીઆ શી પાતી રે, આછી જાડી રાબડી–દુખીયા

વન વિટયા સિચાણે સઘળા, અવશ પડયા તુજ બાળ,
ઠામ ઠર્યાને હડધૂત કરીને રણુવગડે દે માર,

અકે લેવા ધાતી ગે, તેને માના રાકડી
શીળી છાયે ધાતી રે, માડી તારી ઝુપડી–દુખીયા

કણુકણુ કાજે વનવન વિઝે તુજ આનુડા પાખ,
પણુ સુખ દુખના ’હાણા લેવા, ઠરતી તુજ પર આખ

અતે તુ સધરતી રે, માતા મ્હારી દુખળી,
પ્રભુનો પથ દાખવતી રે, માડી તારી ઝુપડી–દુખીયા

તુજ જીવન અમ તુ સર્વસ્વ, તુજ સુધાનો માર,
મૂર્તિમતી વત્સલતા દેવી તુ સુરનોનુ દ્વાર,

નદનવન શી વ્હાલી રે, અમને તારી ઝુપડી
જન્મભૂમિનત પાળી રે, શણુગારીશુ ઝુપડી–દુખીયા

—સ્વ૦ જીવાભાઈ પટેલ

૮. ભારતનાં યશોગાન.

ભગિની ! ભાવે આજે ભેળા મળીને આપણે રે !
કરીએ હિંદ–માતના પ્રેમેથી ગુણુ–ગાન,
ચૂમીને પુનિત જનની કેરા શિવદ–ચર્ણને રે !–ટેક

સાખી

નંદન-વન અવનિ મહિ, કલ્પ-વૃક્ષ સમ ભાવ

ધેનુ કામદુધા બની, પૂરે મનના ભાવ

માતા ! સર્વ પ્રજાઓ આકર્ષાઇ તે થકી રે !

આવે લેવા ત્હારૂં પવિત્ર સુખદ શર્ણું !

ભગિની ! —૧

સાખી

ધર્મ-ધરિત્રી માવડી ! કરૂણાનો અંબાર,

ઝરણા ઝરતા સ્નેહના ત્હારે હૃદયાગાર

માતા ! પુનિત ભાવે પુત્રસમા ધરી ભાવને રે !

પૂરતી સવ કોઇના મન-માનીતા ભાવ !

ભગિની ! —૨

સાખી

કૃષ્ણ, રામ, ગૌતમ સમા, ભાર્ગવ ને વામન,

અવતારો બહુ અવતર્યાં જનની ! આ તવ તલ

મુનિ વ્યાસ, પરાશર, મનુ અને શુકદેવજીરે !

આદિ જનમ્યા જ્યાથી નમીએ ધારી પ્રેમ !

ભગિની ! —૩

સાખી

સાવિત્રી, તારા, સીતા દ્રૌપદી, નૈષધ વામ,

અનસૂયા, મંદોદરી, પ્રાત સ્મરણીય નામ

ગાર્ગી બ્રહ્મચારિણી, સતીઓનુ સુખધામ જે રે !
માતા ! દીધો આવી પુનિત નારને જન્મ !
ભગિની ! —૪

સાખી

પવિત્ર ને પુણ્યદ વળી, શ્રુતિ સ્મૃતિના વેણુ,
મહાભારત ને ભાગવત, ઉપનિષદ્-દર્શન

એવા સત્ય સનાતન ધર્મતણા સિદ્ધાતને રે
શાખી, વતી તરીએ પ્રેમે આ ભવ-સિંધ !
ભગિની ! —૫

સાખી

દેવ-ભૂમિ તુજને ગણે દુનિઆમા સઊ કોય,
લેવા ઉદર તાહરે, જન્મ ભાવના હોય

એવી વીર્થ-સ્વરૂપા પવિત્ર ભારત માત તુ રે !
માની અહોભાગ્ય ને કરીએ ત્હારી સેવ !
ભગિની ! —૬

—'શ્રી મણિ-મંડન'

૯. ભારતી સ્ત્રી–ગીત.

(ગરબે રમવાને ગોરી નીસર્યાં રે લોલ–એ રાગ)

ગરબે રમવા સાહેલી સચરો રે લોલ
ભારતીમંદિર ચારૂ ચોક, પ્રીતિથી ફરો રે લોલ
આવો બ્હેની ! ગીત રંગ રેલીએરે લોલ–ટેક
દેશ વાડી નવ પલ્લવે ભરી રે લોલ
કુંજ કુંજ ધારી પુષ્પપુંજ, વૃક્ષવલ્લરી રે લોલ
આવો બ્હેની ! જનની–ગાન ગાઇએરે લોલ—ગરબે

સાખી

ભાગીરથી, ગોદાવરી, બ્રહ્મપુત્ર શુભ તીર,
રમે સિંધુ કાવેરી જ્યાં, રમ્ય નર્મદા તીર
ગુર્જરી બંગ સુંદરી મળી રે લોલ
કાસ્મિરી, દ્રાવીડી, મહારાષ્ટ્રી રજપુતાણીઓ રે
આવો બ્હેની ! ઐકયતાન ગાઇએ રે લોલ—ગરબે

સાખી

હિમાલય શિરસમ ઉંચી, નિર્મલ એ મન આશ,
ભિન્ન અતિ રીતિ તદપિ રહો, એક ઉર અમ વાસ

લાવો-લાવો હૃદયપાત્રમાં ધરી રે લોલ
મંગળ પ્રીતે અર્ઘ્ય, ભક્તિ આત્મસુવાસે ભરી રે
આવો બ્હેની! માતૃભૂમિ પૂજીએ રે લોલ—ગરબે

—શ્રી સુમન્ત

—∞—

૧૦. ભારતી-પૂજા.

(ગિરધારીરે, વાત કહું તે વિચારો)

ભારત મારે—
પ્રેમે પૂજન તુજ કરિયે,
વળી સેવા તુજ આદરિયે—ભારત મા
મા સેવા તુજ પાવનકારી રે,
સહુ સંકટને હરનારી રે,
વળી ભક્તિ હૃદય ભરનારી રે—ભારત
તારી સેવાના રૂપ ન્યારા રે,
સ્વદેશીમાં ને રેંટિયે સમાયા રે,
વળી દેશપ્રીતિમાં મનાયા રે—ભારત
અમે આજ પ્રતિજ્ઞા કરીશું રે,
બસ વસ્તુ સ્વદેશી વાપરીશું રે,
એવી રીતે સેવા આદરીશું રે—ભારત

—શ્રી નટવરલાલ વીમાવાળા.

૧૧. સૂતર કાંતોને.

રાગ—(અલબેલી અંબામાત જોવાને જઈએ)

સૌ બ્હેનો ધરીને ઉમંગ, સૂતર કાંતોને,
નિજ કરવા નિર્મળ અંગ, રેંટિયા રાખોને
સત્ય શિયળ સચવાશે જેથી, સુઝે ન દુર્ગુણ એકરે,
વિદેશી વસ્ત્રો ત્યાગ કરો તમે, સમજી રૂડો વિવેક—સૂતર
ફેશન તણી હવાએ ફુંયા ન રહ્યું પોતાનું ભાનરે,
નિર્લજતાનો આંક રહ્યો નહિ બન્યા તે છેક નાદાન—સૂતર
ઝીણા વસ્ત્રોનો મોહ મટાડી, મનનો કરોને નિરોધરે,
હાથે સૂતર કાતો પોતે, એવો ગાંધીજીનો બોધ—સૂતર
માતાઓ જ્યારે મનથી સમજી, કરશે મદદ અપારરે,
દેશ તણો તવ ઉદ્ધાર થાશે, વદે મહાત્મા વારવાર—સૂતર
શક્તિ રૂપે થઈ ચક્ર ફેરવો, સુદર્શન શુભ નામરે,
સૂતર તાતણે સ્વરાજ મેળવશો, ઉરમા ધરીને હામ—સૂતર
ગૃહસ્થોના ઘરનુ એ રમકડું, સાધન ગરીબનુ થાયરે,
લાભ સર્વને સરખો આપે, મર્યાદા સચવાય—સૂતર
વિધવાઓએ અવશ્ય લેવું, રેંટિયા વ્રત નિરધારરે,
ધર્મ આખરે તો સચવાશે, તરશે આ સંસાર—સૂતર

ચૂલા વિના ઘરમાં નવ ચાલે તેમ રેંટિયા વિષે એક ગણાયરે,
હમેશા તમે સૂતર કાતો દુઃખ દરિદ્ર દૂર થાય—સૂતર
શું મહિમા કહું રેંટીઆનો હું, કહેતા ના આવે પારરે,
અનુભવી જન સુખ એતો જાણે, જેની કીર્તિ ત્રિભુવન ગાય સૂતર

—શ્રી ગોધરાકર.

૧૨. સ્વદેશી.

અમે તો વસ્તુ વિદેશી વિસારી
ગણી છે સર્વ સ્વદેશી પ્યારી—અમે
મોઘેરા અમ મુલ્ક તણી ધરણી રસકસ ઉભરાતી,
જાત ભાઇની જહેમતથી ઉપજેલ ચીજ સ્વીકારી—અમે
અંગ ઢાંકવું વિદેશી વસ્ત્રે વરવો લાગે ઢંગ,
ધાડી પાતળી જન્મભૂમિની ખાદી શરીરે ધારી—અમે
રઢિયાળા સહુ દેશહુન્નરો ખીલવશું ભલિ ભાત,
રખવાળા એ સ્વતંત્રતાના મોહનમંત્ર પુકારી—અમે

—શ્રી આબેહયાત.

૧૩ સૂતરને તાંતણે.

અમે લઇશુ આજ સ્વરાજ્ય
સૂતરને તાતણે !
નહિ લેવા જઇએ રાજ્ય
અધમને બારણે !—અમે૦
અમે કરીશુ સેવા સઘની
છે સત્ય માર્ગ સ્વરાજ
સૂતરને તાતણે !—અમે૦
સહકાર કરી સહુ હિન્દમા
અમે લઇશુ પૂર્ણ સ્વરાજ્ય
સૂતરને તાતણે !—અમે૦
પ્રિય ધર્મયુદ્ધ, આ હિન્દનુ
અમે જીતીશુ જ સ્વરાજ્ય
સૂતરને તાતણે !—અમે૦
કરી આત્મવિકાસ અનેકધા
ષડ્શક્તિઓ લઇ સાથ
સૂતરને તાતણે !—અમે૦

હિન્દે અતિયોગ અન્યાયનો
કરીશું અશસ્ત્ર અસહકાર
સૂતરને તાંતણે !—અમે૦

ફરી આત્મશુદ્ધિ બળ પામીએ !
અમે જીતીશું જ સ્વરાજ્ય
સૂતરને તાંતણે !—અમે૦

અમે લઇશું આજ સ્વરાજ્ય
સૂતરને તાંતણે !—અમે

—શ્રી કનુભાઇ દેશાઇ

૧૪. રેંટિયો.

ભારત ભાગ્યોદયનો, રૂડો રૂપાળો રેંટીયો રે,

મનહર, સુખકર, દુઃખહર, દયાનિધિ એ દેવ
પ્રીતે પધરાવોને મંદિરમાં સૌ બ્હેનડી રે—ભારત

સાખી

જુનો પુરાણો રેંટીઓ, ફરતો હતો ઘરમાંય,
તજ્યો તેહને જ્યારથી, દુઃખી થયા સૌ કોય.

તેના પાપે પરદેશીની ગુલામીમા પડ્યા, રે
કરશે મુક્ત તમોને જીવનપ્રાણાધાર
પ્રીતે પધરાવોને મદિરમા સૌ બ્હેનડીરે-ભારત

સાખી

કપાસ ભારત દેશનો, પરદેશી લઇ જાય,
પોતે વીશ કરોડ ને, બાસઠ ઘસડી જાય

આવે ખોટ ખરી અહી, બેતાળીશ કરોડનીરે,
એથી દેશ આપણો, બહુ દુર્બળ દેખાય,
પ્રીતે પધરાવોને મદિરમા સૌ બ્હેનડીરે-ભારત

સાખી

અન્નપૂર્ણા આ દેશનો, રૂડો રેટીઓ સ્હોય,
ફેરવજો ધરી ટેકને, અધિક આનદ હોય

કાતી હાથ વણેલા વસ્ત્રો અંગે ધારજોરે
અવિનાશી કઇ થાશે, દેશ તણો ઉધ્ધાર,
પ્રીતે પધરાવોને મદિરમા સૌ બ્હેનડીરે.-ભારત



૧૫. રંગીલો રેંટિયો.

રૂડો રંગીલો મારો રેંટીયોરે બેન,
જાણે નાનીશી નાજુક મિલ જો,
ગાતી પ્રભુજીના પારણા રે બેન,
કાંતું પરોવી દિલ જો   રૂડો રંગીલો

ભાઇ રે સુતારીએ ઘડી દીધોરે બેન,
એનો એ મોટો ઉપકાર જો,
જુવાનીને એ જાળવેરે બેન,
વૃદ્ધાવસ્થાનો આધાર જો   રૂડો રંગીલો

કાંતું ઝીણું, ને ભરૂ કોકડાંરે બેન,
થાયે સફળ નવરાશ જો
દેવે દીધોરે દિકાદણોરે બેન,
આવે હૈયામાં હોંસ જો   રૂડો રંગીલો

રંકને આપે રોટલોરે બેન,
ઢાંકે ઉઘાડાં અંગ જો,
શ્રીમંતને પરમારથ શીખવેરે બેન,
વળી વધારે ઉમંગ જો   રૂડો રંગીલો.

આખને એ અતિ ળનરે બેન,
હાથ અને હોશિયાર જો,
વિધવાને એ ધન ીરડોરે બેન,
સધવાને સ્વર્ગ નીસાર જો   રૂડો રંગીલો

બુદ્ધિને બહુ ઝીણી કરેરે બેન,
શમ દમ શીખવનાર જો,
એવો મધુર સૂર ઉચ્ચરેરે બેન,
જાણે જગપતિનો ઝળકાર જો   રૂડો રંગીલો

જેની દીવેટ દેવ દીનડેરે બેન,
એના કરી પટકૂળ જો,
પ્હેલા પ્હેરાવુ મારા દેવનેરે બેન,
વરસાવે આશિષ ફૂલ જો   રૂડો રંગીલો

ઇશ્વરી અમારા રેંટિયારે બેન,
મંડાવજે ઘેર ઘેર જો
મોહન મનથી નહિ મૂકરે બેન,
નાગા ઉઘાડાની મ્હેર જો   રૂડો રંગીલો

—શ્રી હંસ



૧૬. દેશનો રત્નભંડાર

ભજુ મારી ભરતભૂમિ

ઝળહળતી જ્યોતિ સમાન, ભજુ મારી ભરતભૂમિ
સોહે શશી રવિ સમ સંતાન, ભજુ મારી ભરતભૂમિ

નિર્ભય જયટંકાર ગજવતા શુદ્ધ સનાતન નીર રે,
સત્યાગ્રહી સમશેર ગ્રહી ગુર્જર ગાંધી ગંભીર-ભજુ

તાજહીણા રાજાને નામે ફીરોજશા મશહૂર રે,
સ્થાન સવાયું ઝીલ્યું ઝીણાએ મુંબાઇ છે મગરૂર-ભજુ

શિવાજીના વંશજ દક્ષિણે, ગનાડે રખવાળ રે,
ગુરૂ-શિષ્યના અંશે તપતા, તિલક કેસરી બાળ-ભજુ

પંજાબે પયગંબર સરખા લાલા લજપતરાય રે,
મદ્રાસે મનમોહક મૈયા મિસીસ બ્હારે ધાય-ભજુ

વન ગૂહા ગઢ ભેદક ગર્જન સિંહ સમોવડ શૂર રે,
બંગાળે બેનરજી ઠાકુર બાંધુ કુટુમ્બ ભરપૂર-ભજુ

આયરને માલવિયા તાતા બોઝ જદુ સરકાર રે,
હક, અલિ, નેહ્રુ, નભતારક વેરે તેજ અપાર-ભજુ

લોકમાન્ય ને દેશદીપક બહુ સત્યાગ્રહી ભૂમિભક્ત રે,
અમ હિત અરથે ભરતભૂમિ ! તેં આપ્યા અમુલખ રત્ન-ભજુ

શ્રી કેશવ હ. શેઠ.

૧૭. વીર હાક

હાક પડી વીર નર જાગજોરે, બની બહાદુર આવાર
ધરી શસ્ત્ર અસહકાર, (૨)
રણના રણશિંગા વાગીઆ
સાબરમતીથી સૈન્ય નીસર્યું રે, બન્યા ગાંધી સરદાર
રેંટીઆ ઠામ ઠામ થાપીઆ,
કાઢે સૂર અસહકાર(૨)—રણના
ચક્ર સુદર્શન ફરી વળ્યું રે, ભમી ભારત મોઝાર,
દસે દિશા લાગી ડોલવા,
કહે કરો અસહકાર(૨)—રણના
શૌકત મહમદ બે બંધવારે ખરા મુસ્લીમ સરદાર
ગાંધીજીના બન્યા ગોઠીઆ,
ધર્યુ શસ્ત્ર અસહકાર—રણના
ઉત્તરથી લાલા પધારીઆરે, કરી કીચલુનો સંગ,
નેહરૂએ અલહાબાદ ડોલાવીયુ,
કરી વકીલાત બંધ—રણના

બગમા દેશબધુ જાગીયારે, કરી વૈભવનો ત્યાગ,
ગાધીજીને કહેણુ મોકલ્યુ,
છઉ દેશનો હુ દાસ—રણુના

મદ્રાસમા યાકુબ ઘૂમતારે, જેને રાવવ ાી સહાય,
જેલમા જઇ પાવન થયા,
નહિ માગ્યો જેણે ન્યાય—રણુના

દક્ષણુમા કેલકર દોડતારે, જેની વાગે વીર હાક,
તિલક જતા જે ડગ્યા નહિ,
નહિ સરકારની ધાક—રણુના

દિલ્હીના મશહૂર હકીમજી, કર્યો નુસખો તૈયાર,
ગોળી બનાવી આપી દેશને,
જેનુ નામ અસહકાર—રણુના

દેવી સરોજીની મોખરે, જેનો કોયલનો કઠ,
ભારતની નારી જગાડતા,
જેણે રાખ્યો છે રગ—રણુના

મુબઇમા છોટાણી ઝૂઝીયારે, ધરી દીન માટે દાઝ
લાખો કરાવ્યા રેટિયા,
જેણે સાર્યું દેશકાજ—રણુના

મોહમથી જે મોહમારે, કીધો નિદ્રાનો ત્યાગ
એકે અવાજે આગળ થઇ,
રાખી ભારતની લાજ—રણુના

ભાઈ ભરૂચા રંગ રાખીયોરે, કરી ફેશનનો ત્યાગ,
પારસી પંચને જઈ મળ્યા,
લીધો ગાંધીજીનો સાથ—રણુના

રામ લક્ષ્મણની જોડલીરે, ખરા પંચના પટેલ,
ઘૂમી રહ્યા છે ગુજરાતમા,
કરી મૂકી રેલછેલ—રણુના

વામન ડોલાવે પંચમહાલનેરે, જુએ શાણી સરકાર,
વેડને લાત મારી હેઠથી,
કર્યો પૂર્ણ અસહકાર—રણુના

ખેડામા ખેલતા અબ્બાસજીરે, બની બહાદુર જુવાન,
ગિદવાણી આવ્યા ગુજરાતમા,
દેતા રાષ્ટ્ર તણુ જ્ઞાન—રણુના

આલમના મોટા ઉમરારે, કર્યો સાથે ઇકરાર
તર્કે-મવાલાત તો કરો,
સૌ મુસ્લીમ નરનાર—રણુના

આફત ખિલાફત આવી પડીરે, જુઓ પંજાબના માર
જલીયાબાગે જઈ ઉભા રહો,
સુણો ધ્વનિ અસહકાર—રણુના

કલ્યાણ, દયાળ બે જોડીઆરે, જેને એદરૂસની સહાય,
ભારતમા સુરત આગળ કર્યું,
હવે થશે જયકાર—રણુના.

વરધામાં જમનાજી જાગીઆરે, જેને વેપારીનો સંગ,
રેંટીઓ પ્રેમથી વધાવીઓ,
વિદેશી માન કર્યો બંધ—રણના
હક સાહબ હક તો રટ્યારે, બન્યા સાચા ફકીર,
ગંગા તટ પર જઇ' વસ્યા,
ધન્ય આના જે વીર—રણના
આબાલવૃદ્ધ સૌ દેશનારે, ખેને રેંટીઆના ખેલ,
સૂતરના તાતણા તાણતા
સૌ હોંસે જાય જેલ—રણના
માગે નહિ મરતા ભીખોરે, એવો ગાંધીજીનો મંત્ર,
મંદિર ગણો તમે જેલને,
તમો થાશો સ્વતંત્ર—રણના
આલમ અઢાર આવી મળીગે, પડે રણમાં બહાદૂર,
રેંટીયા ચક્ર લઇ હાથમાં
ગોળા ફેંકે દૂર દૂર—રણના
ઝૂઝે છે વીર બધા જગમારે, પગી અહિંસાની ઢાલ
જેલમાં જતા જે ડરે નહિ,
સુખે દેતા જાનમાલ—રણના
દેશના બંધુ જાગજોરે, તજી આળસ તમામ
આવો અવસર નહિ આવશે,
રાખો ભારતનું નામ—રણના
—શ્રી ગોધરાકર

૧૮. હિંદનો ઉદ્ધારનાર.

ઉગ્યો સખિ ! હિંદનો ઉધ્ધારનાર,
દેશઘેલો ગાંધી ગુજરાતમાં
આવી સખિ ! ભારતના ભાગ્યની સ્હવાર
કિરણુ કિરણુ પ્રગટે પરભાતના
ભારતમાના બાલુડા, કરતા દુઃખપોકાર,
અન્નવસ્ત્ર વિણુ ટળવળે દુઃખભરિયો સંસાર
જાગ્યો સખિ ! દુઃખ પાપ દૂર કરનાર
દેશઘેલો ગાંધી ગુજરાતમાં
પ્રેમ વડે દેહતણા કરતો જે દાન
વિશ્વપ્રેમી સંત ગાંધી મા'ત્મા
રાજ્ય દુઃખ કરી પીડતો, વળી એનો વેપાર,
દુઃખ દૂર કરવા સૂચવ્યો, ચરખો તારણહાર,
આવે સખિ ! સૂતરને તાંતણે સ્વરાજ
થાય દૂર દુઃખ સહુ જાતના.
થાય હિન્દ માત વિશ્વ કેરી સરતાજ
કિરણુ કંઈ પ્રકાશે એ પ્રભા તણા

—શ્રી નટવરલાલ વીમાવાળા.

૧૯. રાસ.

મોહનમંત્રે જગાડી આત્મ હિંદની રે લોલ—ટેક
વેણુ સત્યની વગાડી ગંભીર નાદની જો— મોહન
અખિલ ભારતમાં ભવ્યતાની ભભકની રે લોલ
અસહકારમાં બતાવી ચાવી અભયની જો— મોહન
વીર હાક તો વગાડી વિશ્વ વ્યાપતી રે લોલ
ગર્જના ગજાવી સત્ય સિંહનાદની જો— મોહન
દીધી શુદ્ધ જીવનધર્મ તણી બાતમી રે લોલ
ગાંધી-ધર્મ-દીક્ષા પૂર્ણ પરમ પાવની જો— મોહન
જીવન સાદું, ઉચ્ચ તો વિચારની રે લોલ
તજી વૈભવ ધર્યા સજી આચારની જો— મોહન
અડગ પ્રહ્લાદ હિંદભક્ત ભાનતા રે લોલ
ભડ ભગીરથ સ્વતંત્ર-ગંગ લાવતા જો— મોહન
પૂર્ણ પ્રગટ્યો છે ભાણ ભાગ્યભામનો રે લોલ
અસત્ય, અનીતિ, તણા હોમનો જો— મોહન
હિંદહૈયામાં હામ તો તમામ છે રે લોલ
હિંદીવાન પુણ્યનામ મહિં માન છે જો— મોહન
ભાગ્યભાણ તો ઉદે થયો છે ભારતી રે લોલ
જ્યાં ઉદે થાય શ્રી **ગાંધી** વીર મહારથી જો— મોહન

—શ્રી વિઠ્ઠલરાય આવસત્થી.

૨૦. ગાંધીજી.

પોરબંદરથી નીસર્યા મહા ગાંધી રે,
એ તો પરવરીયા ગુજરાત,
કમ્મર બાંધી રે. ૧
કડી સાબરમતીને તીર,
મહાત્મા ગાંધી રે,
વાળી આસન બેઠો એ વીર,
કમ્મર બાંધી રે ૨
પીવા ખાવાના રસ એણે છોડીઆ,
મહા ગાંધી રે,
એને પહેરવા ખાદી વસ્ત્ર,
કમ્મર બાંધી રે ૩
આજે ભારત મહિમાનો સંઘ,
મહાત્મા ગાંધી રે,
કાતે રેટિયા ઘેરેઘેર,
કમ્મર બાંધી રે ૪
ન્યાય નીતિની રાખી છે ટેક,
મહાત્મા ગાંધી રે,
એનો સાચા સાધુનો ભેખ,
કમ્મર બાંધી રે ૫

એ તો થાક્યો ન થાકે વીર,
મહાત્મા ગાંધી રે,
એને હૈયે છે મ્હોટી ધીર
કમ્મર બાંધી રે ૬
એને શસ્ત્ર સત્યાગ્રહ સોહ્યલા,
મહા ગાંધી રે,
માંડ્યા અસહકાર નિશાન,
કમ્મર બાંધી રે ૭
મન જીત્યો ને જીત્યો સંસાર,
મહાત્મા ગાંધી રે
એ તો સન્તોએ સાર્યો સાર,
કમ્મર બાંધી રે ૮
હોય શૂરા તે કરજો સાથ,
મહાત્મા ગાંધી રે,
એણે ભીડી છે બળીયા શું બાથ,
કમ્મર બાંધી રે ૯
પહેલા કહેતા ગાંડી ગુજરાત,
મહાત્મા ગાંધી રે,
હવે ગાજે ગાંધીની ગુજરાત,
કમ્મર બાંધી રે ૧૦

—શ્રી રાયચૂરા.

૨૧. ગાંધીજીનો કારાવાસ.

સરકારે પૂર્યા ગાંધીજી જેલમાં,
જે સાંભળતા દિલ સૌના ચીરાયજો,
છાતી ફાટે હૃદય મુંઝાયે હિંદનું,
હિંદ તણા શિરતાજ ગયા છે જેલ જો—સરકાર ૧

દુસ્મનની પણ આંતરડી દુભાય છે,
દુ:ખ પામે છે દેખી આ અન્યાય જો
આ સરકારે ઘોર જુલમ કીધા ઘણા,
પણ ગાંધીને જબરો વાળ્યો દાટ જો—સરકારે ૨

દુસ્મનનું પણ દિલમાં સારૂં ચિંતવે,
દુસ્મનની સેવા કરવા તૈયાર જો,
પ્રેમતણા મંત્રોથી સૌને જીતીયા,
એના ગાંધી આજ પૂરાયા જેલ જો—સરકારે ૩

આંખો ખોલો, ઉંઘ ઉડાડો બ્હેનીઓ
ગાંધીજીની આજ્ઞા સરવે પાળજો,
ગાંધીજી વ્હાલા જો તમને હોય તો,
પરદેશી કાપડની છોડો પ્રીત જો—સરકારે ૪

એક વચન ગાંધીનું કોટી રત્નનું,
પરદેશી વસ્ત્રોની ફુટી બદામ જો,
કહો તમે બેમાંથી સાચવશો કયું ?
ગાંધી આજ્ઞા કે પરદેશી વસ્ત્ર જો—સરકારે ૫
ગાંધીજીએ જ્ઞાન તમોને આપીયું,
તમ કાજે વેઠયા દુઃખ પારાવાર જો,
તમ કાજે વળી આજ ગયા છે જેલમાં,
ગાંધી આજ્ઞા પાળો વ્હાલી બ્હેન જો—સરકારે ૬
પરદેશી વસ્ત્રો લક્ષ્મી લૂંટી ગયા,
ભાઇ ભાંડુ લાખોના લીધા પ્રાણ જો,
નાણાં દાણાં ખૂટ્યા એના સંગથી,
પરદેશી પ્હેર્યાંમાં પૂરી હાણ જો—સરકારે ૭
અરે દયાળુ બ્હેનો આ શી કઠોરતા,
નિર્દયતા તમને શોભે નહિ બ્હેન જો,
આંસુ સારે હૈયું ખોલો આપનું,
સમજીને ખાદી પહેરો મળી ભાત જો—સરકારે ૮
પત્થર પણ પીગળે છે ગાંધી પ્રેમથી,
પત્થરથી પણ આપ જશો શું બ્હેન જો,
ધર્મ તમારો સમજી ખાદી પહેરજો,
પરદેશી વસ્ત્રોને બાળો આજ જો—સરકારે ૯
જે બ્હેનો પરદેશી વસ્ત્રો પ્હેરશે,
દેશ તણી દુસ્મન કહેવાશે તેહ જો,

દુખ પામી બીજાને પણ દુખ આપશે,
જીવતર એનુ જાશે કેવળ ફોક જો—સગ્માગે 10

સમજુ બ્હેનો, સમજો સાચી વાત આ,
તમને કહુ છુ સાચો ખાદીધર્મ જો
ખાદી પ્હેરી દેશ તણી સેવા કરો,
માનો બ્હેનો સાચી મારી શીખ જો—સગ્કારે 11



૨૨. ગાંધી મહિમાનો રાસડો.

અવનિ ઉદ્ધારવા અવતર્યા, પોરબંદર ગાંધી મહારાજરે
ધન્ય ધન્ય ગાંધી વીરા રે—

બાલ્યાવસ્થાથી સત્યના રે,
બન્યા સાચા શૂરા મહા ભક્ત રે ધન્ય

ભક્તિ કરી માત તાતની રે,
પરમારથ શીખ્યા બધી ટેવ રે ધન્ય

જ્યારે વિલાયત સંચર્યા રે,
　　વીર-માતાએ બાધા દીધ રે ધન્ય
પરસ્ત્રીનો સંગ તમે છોડજો રે
　　દારૂ માટી કરાવ્યા બંધ રે ધન્ય
ભણી ગણીને દેશ આવીઆ રે,
　　પછી પહોંચ્યા આફ્રીકા દેશ રે ધન્ય
દેશી ભાઈઓના દેખી દુઃખડા રે,
　　ઝંપલાવ્યું છોડી ધન માલ રે ધન્ય
બાર બાર વર્ષ દુઃખ વેઠ્યા રે,
　　જેલયાત્રા કરી બહુ વાર રે ધન્ય
પત્થર ફોડ્યા નિજ હાથથી રે,
　　પાયખાના કર્યા વળી સાફ રે ધન્ય
જીવલેણુ હુમલો વેઠી લીધો રે,
　　અણસમજુ પઠાણનો વાય રે ધન્ય
હિંદુ મુસ્લીમનુ ઐક્ય સાધીયુ રે,
　　ક્ષમા આપી પઠાણને સાવ રે ધન્ય
પત્થર જેવાને કર્યા હીરલા રે,
　　નમાળા ને બનાવ્યા વીર રે ધન્ય
ડંકો વગાડ્યો જગતમા રે,
　　જીત પામ્યા સત્યાગ્રહી વીર રે ધન્ય

ભરતી કરી ગુજરાતમા રે,
દેવા બ્રીટીશ રાજને મદાય રે ધન્ય
સત્યાગ્રહી ધ્વજ રોપીયો રે,
કેળવ્યા છે ખેડાના લોક રે ધન્ય
કાપ્યા મજુરના દુખડા રે,
ચપારણમા ઝી દિન રાત રે ધન્ય
શ્રદ્ધા હતી સરકારમા રે,
જાણે મળશે હિંદીને ન્યાય રે ધન્ય
હિંદી પ્રજામત કોરે મૂકીરે,
કર્યો રોલેટ એક્ટ પસાર રે ધન્ય
ચેત્યા ગાંધીજી આ સમે રે,
શરૂ કીધી મોટી ઝુબેશ રે ધન્ય
પકડ્યા પજાબમા પેસતા રે,
વીર ગાંધીને પલવલ ગામ રે ધન્ય
સયમ પ્રજામા નહોતો પૂરો રે,
તેથી હુલ્લડ થયા ઠામ ઠામ રે ધન્ય
દાબી દેવા બળ જોરથી રે,
ડાયરે તો ચલાવી તોપ રે ધન્ય
જલિયાનવાલા બાગની રે,
કથા સાભળતા જ્વાળા થાય રે ધન્ય

પજાબ જુલમની સાથે ભળ્યા રે
   ખિલાફતના મહા અન્યાય રે ધન્ય
હિંદુ મુસ્લીમ ભાઇબંધો થયા રે,
   કર્યો બ્રિટન સાથે અસહકાર રે ધન્ય
દહાડે દહાડે જોર જામી ગયુ રે,
   આત્મશુદ્ધિના યુદ્ધનુ હિંદ રે ધન્ય
લાલાજી, દાસ, નેહેરૂજી રે,
   દેશપાડે, પટેલ ભડવીર રે ધન્ય
મહમદ શૌકત અને કીચનુ રે,
   મહા જોદ્ધા જોડાયા સાથ રે ધન્ય
શાતિનો મત્ર બન્ને પાઠવ્યો રે,
   રેટિયાનો કર્યો રણકાર રે ધન્ય
પરદેશી વસ્ત્રના મોહથી રે,
   છોડાવી પ્રજા ભલી ભાત રે ધન્ય
અત્યજનુ દુ ખ મહા કાપીયુ રે,
   જાણે જાગ્યા મહેતા નરસિંહ રે ધન્ય
રાષ્ટ્રીય જ્ઞાન રૂડુ આપવા રે,
   સ્થાપી ગુજરાત વિદ્યાપીઠ રે ધન્ય
આવ્યા શાહજાદા હિંદમા રે,
   બની નોકરશાહીના દાસ રે ધન્ય

શાંતિનો મંત્ર પ્રજા ભુલી ગઇરે,
　　જ્યારે મુંબઇ પડી હડતાળ　રે　ધન્ય
જાગ્યું તોફાન મારામારી વધી રે,
　　વીર ગાંધીની ’ગ્રાતી ચીરાય　રે　ધન્ય
દેવી સરોજની સાથમાં રે,
　　ફર્યા આગેવાનો શાંતિ કાજ　રે　ધન્ય
પૂરૂ પ્રાયશ્ચિત માથે લીધું ને,
　　કરે ગાંધીજી ચાર ઉપવાસ　રે　ધન્ય
ચૌરીચોરાએ દાટ વાળીયો રે,
　　પ્રજા બની પાગલ હેવાન　રે　ધન્ય
યુદ્ધનો માંડવો રોપ્યો હતો રે,
　　બારડોલી ગાંધી સરદાર　રે　ધન્ય
ચૌરીચોરાના મહા પાપથી રે,
　　બારડોલી લડત કરી બંધ　રે　ધન્ય
કરી પ્રાયશ્ચિત આદર્યું રે,
　　કર્યા પૂરા તે પાંચ ઉપવાસ　રે　ધન્ય
શાંતિ પેગામ બધે મોકલ્યા રે,
　　ફરી સ્થાપ્યું શાંતિનું રાજ્ય　રે　ધન્ય
જોદ્ધા પૂર્યા છે બધા જેલમાં રે,
　　સરકારે દેખાડ્યું જોર　રે.　ધન્ય

ગાધીજી એકલા છૂટા હતા રે,
    એને આપી છ વરસની જેલ રે ધન્ય
હોંશે ગયા છે ગાધી જેલમા રે,
    પુણ્યવતી ભારતભૂમિ કાજ રે ધન્ય
હિદી સતાન હવે જાગજો રે,
    ખરૂ ટાણુ આવ્યુ છે આજ રે ધન્ય
પરદેશી વસ્ત્રને છોડજો રે,
    ધરો ખાદીના સાદા વસ્ત્ર રે ધન્ય
પ્રીતેથી ફેરવો રેટીઓ રે,
    શાણી બ્હેનો તમારો ધર્મ રે ધન્ય
કોટી કોટી હોજો વદના રે,
    પૂજ્ય ગાધી અમારા છત્ર રે ધન્ય
માથે ચડાવશુ ગાધી આજ્ઞા રે,
    લેવા સાચુ ને શુદ્ધ સ્વરાજ રે ધન્ય

૨૩. ગાંધીજી.

ગુણિયલ ગરવા ગાંધીજી પાછા પધારજો રે—ટેક
શિયાળુ શાતિ વાઇ રહી રે,
    વીત્યા ઉનાળુ વાત રે ગુણિયલ
શાતિ સુલેહમંડળ સૂઇ રહ્યા રે,
    વાતાવરણ કર્યું શાત રે ગુણિયલ
શાત ચોટા શાત શેરીઓ રે,
    શાત છે બેઠી બજાર રે ગુણિયલ
દેશદ્રોહી શાત દુશ્મનો રે,
    શાત છાની સરકાર રે ગુણિયલ
શાત બોમ્બો શાત બ્યુગલો રે,
    શાત બલૂનો અલોપ રે ગુણિયલ
શાન બદૂક શાત રાઇફલો રે,
    શાત મશીનગન તોપ રે ગુણિયલ
શિયાળુ પાક પાકી રહ્યા રે,
    શાતિ વ્યાપી ઘેરઘેર રે. ગુણિયલ.

ગામ પાક્યા, પાક્યા ગોંદરા રે,
    પાક્યા છોગા મોટા શહેર રે ગુણિયલ
ખાદીની ગાદી ગજાવના રે,
    જેને ગણી તમે મ્હેલ રે ગુણિયલ
તેડાયા છે ડર થર દેશના રે,
    ધીંગી જાડી ભરી જેલ રે ગુણિયલ
જાગ્યા દેશી પરદેશીઓ રે,
    જાગી પ્રજા બેફામ રે ગુણિયલ
આઠેને પહોરે ઉજાગરા રે,
    હિંદને નિંદ હરામ રે ગુણિયલ
મદપદ તૂટયા મહાધના રે,
    તૂટયે જાલીમના જોર રે ગુણિયલ
મોહ તૂટયેથી મોહાધના રે,
    તૂટયે તુમાખીના તોર રે ગુણિયલ
વૃક્ષો ઉડા અસહકારના રે,
    માળી વિના મ્હોર્યા આજ રે ગુણિયલ
બાપે ચાલ્યા આવે આગળે રે,
    સામે આ પગલે સ્વરાજ રે ગુણિયલ

—શ્રી વિહારી.

૨૪. ટોળાં ઉતર્યાં.

ટોપીવાળાના ટોળા ઉતર્યા—ટેક

ઉતરીઆ કંઈ આથમણે ઓવારરે,
  પરદેશી ભૂંડા ટોપીવાળાના ટોળા ઉતર્યાં
લીલી વાડીને મીઠી છાયડી,
  નિરમળા નદીઓ કેરા નીરરે   પરદેશી
આંબે આંબે તે કોયલ લ્હેરતી,
  ઉડતા કંઇ રૂડા હંસ ને મોરરે,   પરદેશી
પરી પનોતી એવી દેશની,
  અટારીએ કંઇ ભેરવના ભણકારરે   પરદેશી
ઘેર ઘેર તે ઘૂવડ બોલીયા,
  રોવા લાગ્યા કંઈ શ્વાન ને શિઆળરે   પરદેશી
ધરમી રૂવે મેલી ડૂસકા
  અધર્મીના આનંદના નહિ પારરે,   પરદેશી
બાળા રાંડે તે બાર વર્ષની,
  માના પહેલા મરે નાના બાળરે   પરદેશી.

ધરણી સૂકાઇને થઇ વાંઝણી,
  કારમા બેઠા કળજુગના કાળરે પરદેશી
સૂના ચોરા ને સૂના ગૌચરા,
  સુના સુના પાણીઆરીના ઘાટરે પરદેશી-
ભાંગી ભરવાડોની મોરલી,
  કારખાને કઇ કામધેનુ કપાયરે, પરદેશી
થાપ્યા થાણાને થાપી કેડીઓ,
  આદર્યા કાળા કોપના વેપારરે, પરદેશી
તૂટી શાળો ને તૂટયા રેંટીઆ,
  કારીગરોના કાપી નાખ્યા હાથરે, પરદેશી
કજીઆ કરાવી ભાઇ ભાઇમાં,
  પોતે થઇને બેઠા મોટા ભૂપરે, પરદેશી
આવ્યા ઓઢીને એવી કાંચળી,
  ઓળખાયા નહિ અંતરના ભેરીગરે, પરદેશી
કરી કચેરીઓ ઉંચે ડુંગરે,
  વાળના બેઠા દેશ કેરો દાટરે, પરદેશી
વાગ્યા ભુંગળા ને આવી ગાડીઓ,
  ધુમાડાના ઉડે ગોટાગોટરે, પરદેશી
વધ્યા કાયદાને વધી કોરટો,
  વધ્યા કઇ ગુન્હાના કરનારરે, પરદેશી

વકીલો વધ્યા ને વધ્યા ડોકટરો,
  વધ્યા કઇ કજીઆ અને રોગરે, પરદેશી
એવો વેરો તે નાખ્યો આકરો,
  ખેડુતોને ખાવા ન મળે ધાનરે, પરદેશી
ગરવા ગામડાના ઝૂરે ઝુપડા,
  માડીજાયા પરદેશ પળાયરે, પરદેશી
દાદા બોલ્યા ને લોકે સાભળ્યુ,
  પૂરેપૂરી આવી નહિ શુધરે, પરદેશી
એવે આવ્યા ગાધીજી મોખરે,
  યુગ યુગની ઉડાડી ઉંઘરે, પરદેશી
દેશ તણો એ સાચો દીકરો,
  કર્મવીર કસ્તુરબાનો કથરે, પરદેશી
જર્મન ગાજ્યાને ગાજી મેદની,
  સરકારની વ્હારે ચઢ્યા લોકરે, પરદેશી.
નાણાવાળાએ નાણા ધીરીઆ,
  શૂરવીરે રેડ્યા કઈ લોહીરે, પરદેશી
એવે આવ્યો રે કાળો કાયદો,
  ચમકી ઉઠી રૈયત ચોપાસરે, પરદેશી
સાચુ કહેતા સાચુ બોલતા,
  ગાધીજીએ શીખવ્યુ ગામેગામરે. પરદેશી.

એક દિવસ બધે પાળીઓ,
  હાટડે હાટડે પાડી હડતાળરે, પરદેશી
રૂઠી સરકાર રાંક લોક પર,
  તૂટી પડી જાણે વરૂ વાઘરે, પરદેશી
ઠામે ઠામે જગ્ગીરો ગોઠવી,
  ઠામે ઠામે ઉડાડયા બન્નુનરે, પરદેશી
એવો જુલમ એણે આદર્યો,
  કહાણી કહેતા કાળજુ કટકા થાયરે, પરદેશી
તુર્કી મારેનુ વચન તોડીયુ,
  સળગી ઉઠ્યા સાચા મુસલમાનરે, પરદેશી
ગાંધીજીનેરે કહેણુ મોકલ્યા,
  ત્યાથી માને માઠા એકા ફિરે, પરદેશી
ગાંધીજીએ પણુ આ ર્યા,
  ટાળીશુ અથવા નાળશુ આ સરકારરે પરદેશી
ગાંધીજીએ લીધા હાથમા
  માડીજાયા હિન્દુ મુસલમાનરે પરદેશી
મહેલ માનીને જજો જેલમા,
  છાતી ઉપર ઝીલજો બંદુકરે, પરદેશી
માના જેવુ હૈયુ રાખજો,
  દિલમાહી રાખજો નહિ દુખરે, પરદેશી

શાળા છોડોરે તમે બાળકો,
  એ છે મોટુ ગુલામીનુ ઘરરે, પરદેશી
વકીલો તમે વકીલાત છોડજો,
  તમારા પરે એ રાજના થભરે, પરદેશી
એની સભા મહી જાશો નહિ,
  એ સ્મશાને લીધા મોટા ભોગરે, પરદેશી
ગાધીજીને પૂર્યા જેલમા,
  સરકારને લાગી ઉરે લ્હાયરે, પરદેશી
પાયા ડગમગીઆ એના રાજના,
  ડોલતા એના સિહાસન દેખાયરે પરદેશી

—શ્રી કવિ હંસરાજ

૨૫. બ્હેનો પ્રત્યે.

બ્હેની સ્વરાજ શાથી આવશે રે લોલ
એનો બતાવુ રાજમાર્ગ જો—બ્હેની

પરદેશી કાપડ છાડતા રે લોલ,
પ્રાપ્તિ સ્વરાજની થાય જો—મ્હેની

શુદ્ધ સ્વદેશી વ્રત પાળતા રે લોલ,
રેંટીયાથી આવે સ્વરાજ જો—મ્હેની

વ્યસનોને વૈભવ ત્યાગથી રે લોલ,
સાદાઈ સ્થાપે સ્વરાજ્ય જો—મ્હેની

સંપ વધાર્યે સહુ કોમમા રે લોલ,
આવે સ્વરાજ દોડાદોડ જો—મ્હેની

દુશ્મન વિરોધીને પ્રેમથી રે લોલ,
જીતી લીધાથી સ્વરાજ જો—મ્હેની

અંત્યજને બંધુ ગણ્યે રે લોલ,
પામો સ્વરાજનો પ્રસાદ જો—મ્હેની

હોંશે જવાથી જેલમા રે લોલ,
તૂટે સ્વરાજના બંધ જો—મ્હેની

વ્હાલાને જેલમા મોકલ્યા રે લોલ,
થાય સ્વરાજ્યની મહેર જો—મ્હેની,

માતા કાજે પ્રાણ અર્પતા રે લોલ,
પામો સદાય સ્વરાજ જો—મ્હેની

૨૬. રણે વિદાય.

હણહણતો હય બારણે, વીરા ! પેગડે પાય ધરોજી !
પેગડે પાય ધરોજી, વીરા ! મુહૂર્ત સમો આ ખરોજી !
આંખમાં અંજન, રણરસરંજન, ગુંજન યુદ્ધગીતોના,
વાંકી વાંકી પ્હેરી પાઘ પીળી આ, વિધશો નેણુજ કોના ?
વીરા પેગડે પાય ધરોજી ! ૧

તાણી તાણી આ મૂછ છે મરડી, કરડી રહ્યા હોઠ રાતા
વારે વારે મુખ મારે ખુંખારા ને તડપી રહ્યા પગ તાતા !
વીરા પેગડે પાય ધરોજી ! ૨

દડબડ દડમડ દમભર દોડી, ખૂબ ખૂંદો રણ ખાતે
ચહુ દિશ અસિ ચમકાવી બતાવો, શૂરપણ ક્ષણમાં તે !
વીરા પેગડે પાય ધરોજી ! ૩

વીરપિતાના વીરછૈયા તે ચૂકશે ક્યમ આ દહાડો ?
વીર રસે રણકુંજ ઘૂમીને શિરના ફૂલ ઉડાડો ?
વીરા પેગડે પાય ધરોજી ! ૪

ભારતમાત ઉભી ઉંબરામાં આશિષ દે શુભ આજે ?
હણહણતો હય વીર ! ચઢો આ, જયજય દુન્દુભિ વાજે !
વીરા પેગડે પાય ધરોજી ! ૫

—શ્રી ખબરદાર.

૨૭. ગુજરાતનો યજ્ઞકુંડ.

દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
આવો, પૂરા રે, ખમવા દુઃખના ચીરા !-(ધ્રુવ)

કડકડ ફૂટે ક્રોડ કડાકા, પર્વત ફૂંકે ફાટે,
ઝળાઝળ જ્વાળા વ્યોમ જળાને, ઉભા રહો દૃઢ વાટે ! દુઃખમાં

નથી પડવું યાહોમ કરીને આજે અંધ શૂરાનું,
નથી અબળને દમવું, આ છે જડચેતનનું લ્હાણું દુઃખમાં

સત્યજ પ્રભુના પ્રાણ અમારા, સત્યજ અંગ અમારા,
સત્યજ રક્ત વહો, અમ નસમાં, સત્યજ નેત અમ ન્યારા, દુઃખમાં

માયા સૌ ઘર બાર તણી ને સુખની ડાળી દફની,
આત્મશૌર્યના શ્વેત સજ્યા પટ, ના કાયરની કફની, દુઃખમાં

પાય પડ્યા, વિનવ્યા કંઈ કંઈ, શું હૃદયહીણને રટવું ?
હવે પડ્યા, રગડાયા રણ ત્યાં ના હટવું, ના હટવું ! દુઃખમાં

ભારત દુઃખ શિરે અમ લેતા, હૈયા કેમ ન ફૂલે ?
ઓ ભારત ! નિધિ પાર ઉતરજો, અમ શબઢગને પૂલે ! દુઃખમાં

વાટે ઘાટે છાતી ફાટે, થાય સ્મશાની દુનિયા,
નવલખ આંખે વ્યોમ ડરે પણ પાછું જૂએ ન મરણીઆ દુઃખમાં

એજ અલખની ધૂન અમારી, મૂગે મુખે દુઃખ સ્હેવુ
બેડીની જડ જડતા અરિ પણ આખર રોશે એવુ દુઃખમા
કીર્તિ અમોલી ભારત કેરી આજ અમારે હાથે
ઓ વીરા! જગને ભૂલવવી આ ગરવી ગુજરાતે! દુઃખમા
ધર્મક્ષેત્ર એ, કર્મક્ષેત્ર એ–રણક્ષેત્ર અનેરૂ!
જયજય કોને ભાગ્ય અફલ એ પુણ્યજ ભારત કેરૂ? દુઃખમા
દુઃખમા ગાજો પૂરા રે, સત્ય પ્રેમ રસ'વીરા દુઃખમા

શ્રી ખબરદાર.

૨૮. વીર બાળાઓનો રાસ.

હા સહુ માથમા, ગુણ ગાઇએ હિન્દમાતના
સહુ ગાઇને, બજાવીને, જગાડિએ બન્ધુ આપણા
હા સહુ૦

કરો અસ્ત્ર શસ્ત્ર મજ્જ સહુ એ તણાગે,
વ્હડે બન્ધુ રણે આજ એ આપણા રે,

ખચીત જીતે, લડે જો બન્ધુ પ્રીતે,
નાતજાત ભય મેલી, નિજ ધર્મકો ભૂલે નહિ,
તો વિજયદેવી જયમાળા અરપે

બન્ધુ કદમાં હા સહુ૦

બન્ધુ ચ્હડશે રણમહીં, કરશું અબઘડીએવ,
આત્મબળે એ જીતશે, સ્વરાજ્ય તો તતખેવ

પછી ઉજાણી, કરો સખી સુજાણી,
દઇ માતને વધામણી, ઉમંગ અતિ આણી,
દેશે આશિષો બાળને હા સહુ૦

—શ્રી જયન્ત.

૨૯. હિન્દદેવીનો વિલાપ.

કોણુ કને ઉર ખોલું,
આ જ કોણુ કને ઉર ખોલું ?
હૈયું બળે, કયા બોલું ? આજ—

સ્વતંત્રતા પર કાપ મૂકાયો,
દીન દશા થઇ મારી,

લક્ષ્મી લૂટાઈ, પરઘર નાઠી,
થઇ હુ બહુ દુખિયારી — આજ–
ભૂખે મરે મુજ બાલ બિચારા
શક્તિ સર્વ હણાઇ
ગયુ નૂર ને શૂર ગયુ સહુ–
દુખદરિયામા તણાઈ — આજ–
પરદેશીએ વામો કીધો
આ ભૂમિમાહિ આવી,
દુખના ડુગર કીધા ઉભા,
ઉર રડતુ તે સભારી — આજ–
ઇશ્વર મારી વ્હારે ધાજો
બાળકનો કર ધરજો,
શક્તિ, મેવા, ચેતન ભરજો
સકટ સહુ સહરજો .. — આજ–

૩૦. સ્વામીને વિનતિ.

સ્વામી સુણોને મારી વિનતિરે લોલ
　　જેલ જવાની મને હોંસ જો—સ્વામી૦
પ્રેમે પધારો તમે જેલમાંરે લોલ,
　　સાથે લેતા મને જાવ જો—સ્વામી૦
સીતાજી રામજી સાથમાંરે લોલ,
　　વેઠ્યા દુઃખો વનવાસ જો—સ્વામી૦
દુઃખો વેઠ્યા છે આકરારે લોલ,
　　દમયંતિએ નળ સાથ જો—સ્વામી૦
અંધારી ઓરડીમાં પરશેરે લોલ,
　　તોપણ ડરીશ નહિ લેશ જો—સ્વામી૦
પ્રેમર સમ મને ભાવશેરે લોલ,
　　જેલમાં રોટલો ને છાશ જો—સ્વામી૦
ચક્કીમાં દાણા પીસશું રે લોલ,
　　ગાશું પ્રભુજીના ગીત જો—સ્વામી૦
પ્રાણ જાયે પણ ના ડગું રે લોલ,
　　સાચવીશ શિયળ રત્ન જો—સ્વામી૦

જાવા દઉં કેમ એકલાંરે લાલ,
અર્ધાંગના લ્યો સાથ જો—સ્વામી૦
એકલડી ઝૂરી મરૂ રે લોલ,
જેલમા ભજુ પ્રભુ નામ જો—સ્વામી૦
સુખ દુખમા ભાગ મારો રે લોલ,
પૂરો સ્વામી મારા કોડ જો—સ્વામી૦

૩૧. આમંત્રણ.

હૃદય હૃદયેરે, હૃદય હૃદયે ધરી સ્વદેશ વ્હાલ,
ગાવા ઘડીક ગાન યશના સહુ આવજોરે લોલ
ભવન ભવનેરે, ભવન ભવને, ફાલ્યો સ્વરાજ્ય ફાલ,
રૂડા ફાલની પ્રસાદિ જરીક લાવજોરે લોલ
જે ભૂમિના તત્વથી પોષાયા સહુ પ્રાણ,
જે ભૂમિના સત્વથી, પામ્યા નવલા ગાન
વાવી સ્વમાનની વાડીઓ, હો સખિ શાણી !
ગુંજે સ્વતંત્રતાના નાદ, સૌ આવો સખિ શાણી !

પ્રાણુ પ્રાણેરે, પ્રાણુ પ્રાણે, ભરી સ્વદેશભાવ,
સહુ માતૃગાન ગાવા ઘડીક આવજોરે લોલ
જે ભૂમિના વસ્ત્રથી ઢંકાયે અમ અંગ,
જેના ઉપકારો અતુલ અમ પર થયા નિઃશંક !
કરવા ઉદ્ધાર એ ભૂમિનો ઓ સાહેલી !
રચો ઘરઘર સ્વરાજ્યના યજ્ઞ હો શાણી સાહેલી–હૃદય
—શ્રી સીતારામ શર્મા.

૩૨. વીરને વિદાય.

મ્હારા કેસરભીના કન્થ હો !
સિધાવોજી રણવાટ ટેક
આભ ગૂંજે, ધરણી ધમધમે રાજ !
ઘેરા ઘોરે શંખનાદ,
દુંદુભિ બોલે મહારાજના હો !
સાગરના વીરવાદ,
મ્હારા કેસરભીના કન્થ હો !

આગણુ રણધ્વજ રોપીઓ હો !
કુંજર ડોલે દ્વાર,
બન્દીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝાર
મ્હારા કેસરભીના કન્થ હો !

પૂર પડે દેશ ડૂલતા હો !
ડગમગતી મ્હોલાત,
કીર્તિ કેરી કારમી, રાજ !
એક અખંડિત ભાત
મ્હારા કેસરભીના કથ હો !

નાથ ચડો રણઘોડલેરે,
હુ ઘેર રહી ગૂંથીશ,
બખ્તરવાઘાની સાળી હો !
ભર રણમા પાઠવીશ.
મ્હારા કેસરભીના કન્થ હો !

સગ લેશો તો સાજ સજુ હો !
માથે ધરૂ રણમ્હોડ,
ખડ્ગને મડવ ખેલવા,
મારે રણલીલાના કોડ
મ્હારા કેસરભીના કન્થ હો !

આવતા ઝાલીશ બાણુને હો !
　　હાથે વાળીશ ઘાવ,
ઢાલ ફૂટે, મારા ઉરમાં રાજ !
　　ઝીલીશ દુશ્મન દાવ
　　મ્હારા કેસરભીના કન્થ હો !
એક વાટ રણવાસનીરે,
　　બીજી સિંહાસન વાટ,
ત્રીજી વાટ શોણિતની સરિતે,
　હો ! શૂરના સ્નાનનો ઘાટ
　　મ્હારા કેસરભીના કન્થ હો !
જયકલગીએ વળજો પ્રીતમ !
　　ભીંજશું ફાગે ચીર,
નહિ તો વીરને આશ્રમ મળશું
　　હો ! સુરગંગાને તીર,
　　મ્હારા કેસરભીના કન્થ હો !
રાજમુગટ ! રણરાજવી ! હો !
　　રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડલો થનગને નાથ !
　　વાધો રણે મહાવીર !
　　મ્હારા કેસરભીના કન્થ હો !

—શ્રી કવિ ન્હાનાલાલ

૩૩. બ્રહ્મચારિણીઓનુ ગીત.

અમે દેશની દુલારી બ્રહ્મચારિણીરે લોલ
અમે સેવા સાધનારી બ્રહ્મચારિણીરે લોલ
    અમે શાંતિ સ્થાપનારી
    અમે પ્રેમ પ્રસારનારી
અમે હર્ષ રેલનારી બ્રહ્મચારિણીરે લોલ
અમે સ્નેહ સેવનારી બ્રહ્મચારિણીરે લોલ
અમે પ્રભુની ભજનારી બ્રહ્મચારિણીરે લોલ
        અનંત યૌવનની વેલ
        અખૂટ આનંદની રેલ
અને બ્રહ્મ ગજવનારી
            બ્રહ્મચારિણીરે લોલ

—શ્રી મયૂરક.

૩૪. સ્વરાજનો ગરબો.

લઇશુ લઇશુ, લઇશુ રે, અમે હવે સ્વરાજ્ય લઇશુ,
સ્વરાજ્યનો ઝુંડો ફરકાવી, મુક્ત ગુલામીથી થઇશુ રે—અમે

વિદેશી વસ્ત્રનુ દહન કરીને, ખાદી અંગે ધરીશુ રે–અમે
મહાસભાની આજ્ઞામા રહીને, કાયદાનો ભંગ કરીશુ રે–અમે
હસતા હસતા જેલમા જઇશુ, જેલને મહેલજ માનીશુ રે–અમે
કૃષ્ણજન્મનુ સ્થાન છે સુંદર અધિક આત્મબળ ધરીશુ રે–અમે
મરનારે નહિ મારીએ કોને, અડગ સત્યાગ્રહી રહીશુ રે–અમે
સાચી શિખામણ ગાંધીજીની અવિનાશી ઉર ધરીશુ રે–અમે

૩૫. હિંદનુ ભવિષ્ય.

માડી હવે ઉજળી થાશે રાત, અંધારી આથમી રે લોલ,
વ્હાણુના વાગે થાશે પ્રભાત, દુખડા જાશે શમી રે લોલ
માડી તારા ઘાયલ પૂત સપૂત સૂતેલા જાગશે રે લોલ,
માડી થશે ઝાઝો ઝંપાપાત જાતસુખ ત્યાગશે રે લોલ
જાગશે દાન દયાના વીર ધીર વીર જાગશે રે લોલ,
જાગશે સાવજ ચિત્તા વાઘ કેસરી ત્રાડશે રે લોલ
વરસશે સ્વાતિના * નદસાદ આકાશથી આવશે રે લોલ,
માડી એછીપે મોંઘે મૂલ મોતીડા પાકશે રે લોલ
જાગશે રામ વિનાનામા રામ ગર્જગજર × થશે રે લોલ,
જાગશે જાગશે જાદવચંદ્ર + અધમ ઉદ્ધારશે રે લોલ
જાગશે કર્ણાર્જુન થઇ એક ધનુર્વેદ ધારશે રે લોલ,
જાગશે ભીમ અને ભડભીષ્મ લીધા પણ પાળશે રે લોલ

જાગશે મેવાડી ભડવીર પ્રતાપના પણ ઘણા રે લોલ,
માજી એને યુગયુગના અપવાસ, કરશે પારણા+ રે લોલ
જાગશે શિવાજીના સૈન્ય ધરતી ધ્રૂજાવશે રે લોલ,
જીતશે કૂડકપટના ખેલ કૂડ ત્યાં ધૂળ થશે રે લોલ
માજી તારી કૂખના કીર્તિગાન ગૌરવ ગાજશે રે લોલ,
માજી તારા દૂધમલ પીશે દૂધ, દૂધ દીપાવશે રે લોલ
મંદ મૃદુ હિમાળાના વાયુ ઉત્તરના વાયા જશે રે લોલ,
માજી જશે રોગ શોકના થોક શીતળતા શાંતિ થશે રે લોલ
ઝરશે અમીઝરણા વરસાદ ભૂમિ ભિંજાવશે રે લોલ,
ક્યારડે કલ્પતરુનો= પાક કણના અળશી થશે રે લોલ
માજી એવા મોભામ્યા વરસાદ કુંદનના † વરસશે રે લોલ,
આવતી સાગરિયાની છોળ રત્નચોક ‘ રેલી જશે રે લોલ
માજી તારો ભાગ્યસવિતા ભર્ગ ~ સિંચતો ચડતો જશે રે લોલ,
પ્રભુના શરદપુનમના ચંદ્ર સમો મધ્ય સ્થભી જશે રે લોલ.
માજી તારું ભારત બનશે સ્વર્ગ નંદનવન ઝાંખા થશે રે લોલ,
માજી તારો જય જય જય જયકાર જગત ત્રણ ગાજશે રે લોલ

—**શ્રી વિહારી.**

---

* નક્ષત્રનું નામ × ગર્વથી ગાજશે + કૃષ્ણ — અપવાસ પછીનું ભોજન
= કલ્પવૃક્ષ † સોનાના ‘ રત્નોથી ભરેલા ચોક ~ પ્રકાશ

✱ સમાપ્ત ✱

નૂતન યોજના—

ગાંડીવ સાહિત્ય વાટિકા.

ની પ્રત્યેક કુંજમાં સફેદ દૂધ જેવા કાગળ પર છાપેલા બોર્ડ પટીની મજબૂત બાંધણીનાં એક હજાર પૃષ્ઠનાં ગુજરાતમાં કોઈ નવીજ ઢબ છબના વિષયો ઉકેલતાં આશરે પાંચ છ પુસ્તકો અપાશે. એક કુંજનું લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂા. સવાચાર. આખી યોજના અન્દર વાંચો અને જરૂર ગ્રાહક થઈ તમારા ઘરમાં એક નાનકડી લાયબ્રેરી જમાવો.

બીજી કડાકુટ નહિ, કોઈ જાતની જૂદી કિમ્મત નહિ, વિ. પિ. નો ખરચ નહિ. દરેક પુસ્તક બહાર પડતું જશે તેમ તમને ઘર બેઠાં મળશે.

પ્રથમ કુંજના ગ્રંથો.

(૧) બોમ્બયુગનું બંગાળા તૈયાર છે. (૨) હાય, આસામ! તૈયાર છે. (૩) બાળ વિહાર, (૪) કલકત્તાનો કારાયુગ, (૫) પંજાબનું પ્રચંડ કાવતરૂં, વિગેરે.

ભાઇઓ

અને

બ્હેનો !



ખાદી પહેરો.

ખાદી એ હિન્દુસ્તાનનો મુક્તિમંત્ર છે.